સાબરકાંઠામાં મનરેગાના ૭૮૭ કામો થકી ૪૪ હજાર શ્રમિકોને રોજગારી

પોશીના તાલુકામાં સૌથી વધુ અને તલોદ તાલુકામાં ઓછા શ્રમિકોને રોજગારી : મહાત્મા ગાંધી નરેગા યોજનાના કામો ચોમાસામાં બંધ થઈ જશે

હિંમતનગર, તા. ૧૨

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગરીબોને રોજગારી આપવા માટે દર વર્ષે લગભગ ઉનાળામાં અન્ય કામો ન હોવાથી આ શ્રમિકોને મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત આવાસો, રોડ રસ્તા, તળાવો ખોદવા અથવા તો ઊંડા કરવા સહિતના અનેક કામો થકી રોજગારી આપવામાં આવે છે. ત્યારે વર્ષ ૨૦૨૦-૨૧માં સાબરકાંઠા જિલ્લામાં રૂ. ૯.૫૦ કરોડથી વધુનો ખર્ચ કરીને મનરેગાના ૭૮૭ કામો થકી ૪૪ હજારથી વધુ શ્રમિકોને રોજગારી અપાઈ રી છે. આ કામો જિલ્લાના તમામ તાલુકાઓમાં કાર્યરત છે અને તે કામો તા. ૩૦ જુન સુધી ચાલશે.

આ અંગે મનરેગાના કામોની જવાબદારી સંભાળતા જિલ્લા વિકાસ અધિકારી ડૉ. રાજેન્દ્રકુમાર પટેલના જણાવાયા મુજબ ઉનાળાના સમયગાળામાં રોજનું લાવીને પરીવારનું ગુજરાન ચલાવતા પરીવારોને બાંધાકામ, ખેતી તથા અન્ય પુરક વ્યવસાયોમાં રોજગારીની તકો ખુબ જ નહિવત બની જાય છે. જેથી કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આવા શ્રમિકોને રોજગારી આપવા માટે છેલ્લા ઘણા વર્ષોથી મનરેગાના કામો થકી રોજગારી આપવામાં આવે છે જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન આ નરેગાના કામો થકી સાબરકાંઠાના હિંમતનગર, ઈડર, પ્રાંતિજ સહિત આઠ તાલુકાઓમાં કામો ચાલી રહ્યા છે. જેનુ અવારનવાર ખુદ જિલ્લા વિકાસ અધિકારી તથા અન્ય સંલગ્ન વિભાગના અધિકારીઓ સ્થળ મુલાકાત લઈને તેમને જરૂરી સગવડો મળે તે માટે કર્મચારીઓને તાકીદ કરે છે.

સાબરકાંઠા જિલ્લામાં અત્યારે પ્રધાનમંત્રી આવાસના આઠેય તાલુકાઓમાં મળી અંદાજે ૪૧૯ કામો ચાલી રહ્યા છે અને તેના થકી ૧૦૧૭ શ્રમિકોને રોજગારી પ્રાપ્ત થઈ રહી છે. તેજ પ્રમાણે રોડ રસ્તાના ૮૨ માટીકામ થકી ૯૮૭૮ શ્રમિકો રોજગારીથી પરીવારનું ગુજરાતન ચલાવી રહ્યાં છે. સરકારના નિયમ મુજબ આ નરેગાના કામો ચોમાસાની શરૂઆત તા. ૩૦ જુનથી થવાનો અંદાજ રાખીને કામો બંધ કરી દેવામાં આવે છે. જિલ્લા વિકાસ અધિકારીના જણાવાયા મુજબ છેલ્લા ચારેક મહિનાથી ચાલી રહેલા આ મનરેગાના કામો થકી અત્યાર સુધીમાં અંદાજે રૂ. ૯.૫૦ કરોડ શ્રમિકોને ચુકવી દેવામાં આવ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં સૌથી વધુ શ્રમિકોને રોજગારી મળી રહી છે જયારે સૌથી ઓછા કામો વિજયનગર તાલુકામાં ચાલી રહ્યા છે. સરેરાશ જોવા જઈએ તો ૭૮૭ કામો થકી અંદાજે ૪૪૩૮૭ શ્રમિકોને રોજગારી મળી રહી છે. સાથોસાથ એસએસજેએના ૧૨૬ કામો થકી ૧૨૫૨૩ શ્રમિકોને રોજગારી આપવાનું અગાઉથી આયોજન કરાયુ હતુ. આ ઉપરાંત સાબરકાંઠા જિલ્લાના આઠેય તાલુકાઓમાં જળસંચયના કામો સહિત અન્ય કામો પણ કરાઈ રહ્યા છે.

અરવલ્લીના આદિજાતિના લોકો માટે મનરેગા બન્યુ આશીર્વાદ

આદિજાતિના ૧,૧૩,૮૪૭ લોકોને મળી રહી છે રોજગારી : જિલ્લાના ૨૫,૪૫૦ પરીવારોને ૬૪૪ લાખની ચુકવણી કરાઇ

સમગ્ર રાજ્યમાં કોરોનાનો વ્યાપ વધવાને લીધે શહેરમાંથી લોકો સ્થળાંતર કરીને ગામડાઓમાં આવી ગયા, ગામડામાં આવ્યા બાદ છૂટી ગયેલી રોજગારી અને આર્થિક ઉપાર્જન માટે ગામડામાં ચાલતા મનરેગાના કામો લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. એવા અરવલ્લી જિલ્લામાં પણ મનરેગા અંતર્ગત હાથ ધરાયેલા જળ સંચયના તળાવ ઉંડા કરવા, ચેકડેમ નિર્માણ કે રોડ સાઈડના કામો થકી જિલ્લાના લોકોને આર્થિક ઉપાર્જન થઈ રહ્યુ છે.

જિલ્લામાં ચાલતા મનરેગાના કામની વિગત આપતા જિલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલીયાએ જણાવ્યું હતું કે

જિલ્લામાં કોરોનાના કારણે ગ્રામ્યમાં સ્થળાતંર કરીને આવેલા લોકો તેમજ સ્થાનિક આદિજાતિના લોકો માટે રોજગારીનો પ્રશ્ન હતો ત્યારે જળ સંચય અંતર્ગત જિલ્લામાં ૫૯૬ કામો હાથ ધરવામાં આવ્યા છે. જેના થકી ૨૫,૪૫૦ પરીવારોના ૩૩,૪૮૫ લોકોને રોજગારી મળી રહી છે. જેના થકી ૪,૦૩,૭૮૦ માનવદિન રોજગારીનું નિર્માણ થશે. આ શ્રમિકોને કપરા સમયે નાણાની જરૂરીયાત હોય જેને લઈ લોકોના ખાતામાં અત્યાર સુધી રૂ. ૬૪૪ લાખનું ચુકવણુ કરવામાં આવ્યું છે.

જોકે અરવલ્લી જિલ્લાની વિશેષતાની વાત કરતા ઉમેર્યુ હતું કે જિલ્લાના આદિજાતિ એવા ભિલોડા તાલુકામાં ૪૩,૦૭૧ લોકોને જયારે મેઘરજ તાલુકામાં ૬૮,૬૯૨ લોકો પૈકી ૩૨૬ દિવ્યાંગાને મનરેગા થકી રોજગારી પુરી પાડવામાં આવી રહી છે.

જિલ્લામાં હાલ બાયડના ૧૫૯૨, ભિલોડાના ૪૬૮૭, ધનસુરાના ૧૧૯૦, માલપુરના ૨૯૯૪, મેઘરજના ૧૨,૪૫૮ અને મોડાસા તાલુકાના ૨૫૨૯ મળી કુલ ૨૫૪૫૦ પરીવારોને રોજગારીનો ઘર આંગણે અવસર મળી રહ્યો છે.

શીકાના ગામોમાં હોમિયોપેથીક ગોળીનું વિતરણ

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય ડિપાર્ટમેન્ટ દ્વારા સ્વીકૃત હોમિયોપેથીક દવા આરસેનિકમ આલ્બમ ૩૦ પાવર લિક્વિડને હોમિયોપેથીક ગોળી સાથે મિશ્રણ થકી ગોળી બનાવેલી છે. ગોળી કોરોના વાયરસ સામેની લડતમાં શરીરમાં ઈમ્યુનિટી પાવર-રોગપ્રતિકારક શક્તિનો વધારો કરે છે. શીકા ગામ આદર્શ ગામમાં હોમિયોપેથીક ડો. પંકજભાઈ બી. શાહ હોમિયોપેથીક મેડિકલ ઓફિસર શીકા ગામના વતનીના માર્ગદર્શન હેઠળ ૯૦૦ ડબ્બી અને નવી શીણોલના વતની ડૉ. દુર્ગેશભાઈ પટેલ દ્વારા ૧૦૦ ડબ્બી આપવામાં આવી. એક એક ડબ્બી શીકા સહિત અંતિસરા, નાની ગુજેરી, મોટી ગુજેરી, હિન્દુપુરા, ગણેશ કંપા, નેસડા ગામોમાં તમામ પરિવારમાં આપવામાં આવી છે.

અંબાજી મંદિર દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાતાં માઈભક્તોમાં હરખની લાગણી

કોરોના સંદર્ભે યાત્રિકોની સલામતિ માટે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરાયેલ વ્યાપક વ્યવસ્થા : મોંઢે માસ્ક બાંધીને તથા સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવીને યાત્રિકો ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન કરે છે

કરોડો માઈભક્તોની આસ્થા અને ભક્તિના પરમ પવિત્ર કેન્દ્રસ્થાન સમાન અંબાજી મંદિરને દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાતાં શ્રધ્ધાળુઓમાં આનંદ અને હરખની લાગણી પ્રસરી છે. કોરોના સંદર્ભે યાત્રિકોની સલામતિ માટે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે. માઈભક્તો મોંઢે માસ્ક બાંધીને, સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવીને તેમજ તમામ દિશા નિર્દેશોનું પાલન કરીને મંદિરમાં પહોંચી ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન કરી ધન્ય બને છે. યાત્રિકોને કોઈ જ તકલીફ ન પડે તે માટે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના અધિકારીઓ, કર્મચારીઓ તથા પોલીસ અને સુરક્ષા જવાનો સેવાભાવથી નમ્રતાપૂર્વક યાત્રિકોને મદદરૂપ બનતા જોવા મળ્યા હતા.

દર્શનાર્થીઓ માટે રેલીંગમાં ટોકન સુવિધા, થર્મલ સ્કેનીંગ દ્વારા યાત્રિકોના ટેમ્પ્રેચરની ચકાસણી, ઠેરઠેર સેનેટાઈઝરની સુવિધા ઉપરાંત સાબુથી હાથ ધોવા માટે રેલીંગમાં વોશબેસીનની પણ સગવડ કરાઈ છે. રેલીંગમાં પીવાના પાણીની તથા યાત્રિકોને સંપૂર્ણપણે સેનેટાઈઝ કરી શકાય તે માટે કેબીન બનાવીને થોડીક સેકન્ડોમાં જ યાત્રિકોને ઓટોમેટીક સેનેટાઈઝ કરવાની સરસ વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

રેલીંગમાં પણ યાત્રિકો સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવી શકે તે માટે ટ્રસ્ટ દ્વારા વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે. માતાજીને ચઢાવવાની પૂજા સામગ્રી સ્વીકારવા માટે પિત્તળના ગેટ પાસે ટ્રસ્ટ દ્વારા સુવિધા કરાઈ છે.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અત્યારે દર્શનનો સમય આ પ્રમાણે નક્કી કરવામાં આવ્યો છે. સવારે ૭.૩૦ થી ૧૦.૪૫, બપોરે ૧.૦૦ થી ૪.૩૦, સાંજ ૭.૩૦ થી ૮.૧૫ વાગ્યા સુધી. યાત્રાળુઓ તથા ગ્રામજનોને દર્શન માટે યાત્રિક પ્લા ઝાની બાજુમાં ટોકન કાઉન્ટર પરથી ટોકન લઈને જ પ્રવેશ મેળવવાનો રહેશે. શક્તિદ્વાર ખાતે આરોગ્યને લગતી સુવિધા કરવામાં આવી છે. અત્યારે ભેટ કેન્દ્ર, પ્રસાદ કેન્દ્ર, સાડી કેન્દ્ર, ગણેશજી મંદિર દર્શન, પાવડીપુજા, યાત્રાળુઓ ધ્વારા ધરાવતો રાજભોગ, ગર્ભગૃહ દર્શન, માતાજીની ગાદી દર્શન, હોમ, હવન, યજ્ઞ, થ્રીડી મુવી શો, દિવ્યદર્શન ફોટોગ્રાફી, ધજા આરોહણ, અંબિકા ભોજનાલય, આવાસગૃહો (હોલીડેહોમ, વિશ્રામગૃહ) હાલ પુરતા બંધ રાખવામાં આવ્યા છે. માતાજીની આરતી વખતે ભીડ થતી હોઈ આરતીના સમયગાળા દરમિયાન શક્તિદ્વારથી જ પ્રવેશ બંધ કરવામાં આવે છે. માતાજીના ચાચર ચોકમાં ગરબા, જાહેર ધાર્મિક પ્રવૃત્તિઓ કાર્યક્રમ વિગેરે કરી શકાશે નહી.

ગબ્બર ટોચ મંદિર તથા ૫૧ શક્તિપીઠ મંદિરોના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ પણ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવીને દર્શન કરી શકે છે. સગર્ભા બહેનો, બિમાર વ્યક્તિઓ અને ૧૦ વર્ષથી નાની ઉંમરના બાળકો હાલ પુરતા અંબાજી મંદિરના દર્શન માટે ન આવે અને ઘરે બેઠા માતાજીની પુજા અર્ચના કરે તે હિતાવહ છે. આ વૈશ્વિક મહામારીમાં સરકારશ્રી દ્વારા જાહેર કરેલ ગાઈડ લાઈન્સનો સંપૂર્ણ અમલ કરીએ અને આ વૈશ્વિક મહામારીમાંથી સમગ્ર વિશ્વને મા અંબા મુક્ત કરાવે અને સમગ્ર જનસમુદાયનું રક્ષણ કરે એવી આપણે સૌ મા જગદંબાને પ્રાર્થના કરીએ.

ગાંધીનગર ખડાયતા સમાજનું ગૌરવ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ ૧૦ની

પરીક્ષાનું જાહેર થયું હતું. જેમાં ધનસુરાના અગ્રણી રાજેન્દ્રભાઈ મહેતાની દીકરી શ્રુતિબેનની પુત્રી હર્ષી ધોરણ-૧૦ વિજ્ઞાન પ્રવાહમાં ૯૮.૪૯ પર્સલટાઈઝ રેન્ક મેળવ્યો હતો અને એ-૨ ગ્રેડ મેળવ્યો હતો અને ધનસુરા અને ગાંધીનગર ખડાયતા સમાજનું ગૌરવ વધાર્યું હતું અને જેને લઈને અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

મહિન્દ્રા એક્સયુવીમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ

ગાંધીનગર ગુજરાતમાં દારૂબંધીના પગલે વિદેશી દારૂના ભાવ આસમાને બોલતા

બુટલેગરો એનકેન પ્રકારે વાહનો મારફતે વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ રહેતા હોય છે ઉત્તર ભારતના બુટલેગરો કન્ટેનરો, ટ્રક મારફતે કરોડો રૂપિયાનો વિદેશી દારુ ઠાલવી રહ્યા છે, પોલીસની આંખોમાં ધૂળ નાખવા બુટલેગરો લકઝુરિયસ કારમાં દારુની હેરાફેરી કરી રહ્યા છે. શામળાજી પોલીસે બોબીમાતા ચેકપોસ્ટ પાસે આવેલા જાંબુડી ગામ નજીકથી મહિન્દ્રા એક્સયુવી કારમાંથી ૨.૬૧ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. બુટલેગરો અંધારાનો લાભ લઈ રફુચક્કર થઈ જતા શામળાજી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પીએસઆઈ કે.એસ. સીસોદીયા અને તેમની ટીમે ગુરુવારે રાત્રીના સુમારે બોબીમાતા ચેકપોસ્ટ પર આવેલા જાબુંડી ગામની સીમમાં રાજસ્થાન રાજયમાંથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતાં મહિન્દ્રા એક્સયુવી કાર (ગાડી નં. જીજે-૦૨-બીપી-૦૯૬૩)માં વિદેશી દારૂ ભરી આવનાર બે બુટલેગરો પોલીસ ચેકીંગ જોઈ ગાડી રોડ પર મૂકી ફરાર થઈ જતા પોલીસે એક્સયુવી કારમાં તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૧૨૭ કિં. રૂ.૨૬૧૬૯૪ તથા મહિન્દ્રા એક્સયુવી મળી કુલ રૂ.૧૨૬૧૯૪નો મુદ્દામાલ જપ્ત કરી અંધારાનો લાભ ફરાર થઈ જનાર બંને બુટલેગરો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર તાલુકાના નિકોડા-હાથરોલ ત્રણ રસ્તા પરથી મોટી બંગાળી

ચંદન ઘોની તસ્કરી કરતા પાંચ શિકારી ઝડપાયા

વન વિભાગની રાયગઢ ક્ષેત્રિય રેન્જમાં પાંચેય વિરૂધ્ધ ગુનો દર્જ : ઝડપાયેલા શખ્સો પાસેથી વન વિભાગે બે જીવતી અને એક મૃત હાલતમાં ઘો કબજે કરી

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર તાલુકાના નિકોડા-હાથરોલ ત્રણ રસ્તા પરથી ગુરૂવારે બપોરના સુમારે રાયગઢ ક્ષેત્રિય રેન્જ અંતર્ગત ફરજ બજાવતી વન વિભાગની ટીમે મોટી બંગાળી ચંદન ઘોની તસ્કરી કરતા પાંચ શખ્સોને ઝડપી લઈ તેમની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. બે બાઈક પર ઝડપાયેલા શખ્સો પાસેની કપડાની થેલીમાંથી વન વિભાગની ટીમે બે જીવીત અને એક મૃત હાલતમાં ચંદન ઘો કબજે કરી તમામ વિરૂધ્ધ ગુનો દર્જ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. જોકે હાલમાં વન વિભાગે ઘોની તસ્કરીમાં ઝડપાયેલા પાંચેય શખ્સોને કોરોના કોવિડ ટેસ્ટ માટે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં લઈ જઈ ટેસ્ટ કરાવ્યા છે.

ચંદન ઘોની તસ્કરીના મામલે વન વિભાગની રાયગઢ ક્ષેત્રિય રેન્જના આરએફઓ અનિરૂધ્ધસિંહ. એમ. સિસોદીયાએ એક વાતચીતમાં જણાવ્યુ હતું કે ગુરૂવારે બપોરના દોઢેક વાગ્યાના સુમારે નિકોડા-હાથરોલ ત્રણ રસ્તા નજીક

પીપળીયા જંગલની બાજુના ખેતરોમાંથી મોટી બંગાળી ચંદન ઘોની તસ્કરી કરી પાંચ જણા બે બાઈક પર આવ્યા હોવાની ફિલ્ડમાં ફરતા અને હાથરોલના બીટગાર્ડ કુમારી કે.કે. પટેલ અને ગાંભોઈના રોજમદાર અશોકસિંહ રહેવરને જાણ થઈ હતી. ત્યારબાદ તેમણે આ ઘટનાની ગાંભોઈના રાઉન્ડ ફોરેસ્ટર એસ.પી.રહેવરને જાણ કર્યા બાદ રાઉન્ડની સમગ્ર ટીમે ત્રણ રસ્તા પર પહોંચી બાઈક પર સવાર ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા, જયારે બીજા બાઈક પર સવાર અન્ય બે શખ્સો ઘટના સ્થળેથી ભાગી છૂટતા વન વિભાગની ટીમે તેમનો પીછો કરી ઝડપી લીધા હતા.

ત્યારબાદ વન વિભાગની ટીમે ઝડપાયેલા પાંચેય શખ્સો પૈકીના શખ્સ પાસેથી એક કપડાની થેલીમાંથી બે જીવીત અને એક મૃત હાલતમાં ચંદન ઘો કબજે કરી હતી. ઝડપાયેલા પાંચ શખ્સોમાં ત્રણ શખ્સો નિકોડા ગામના અને બે તખતગઢના રહીશ મળી પાંચેય શખ્સો વિરૂધ્ધ વન વિભાગના અધિકારીએ રાયગઢની ક્ષેત્રિય રેન્જમાં વન્ય પ્રાણી સરંક્ષણધારો ?૧૯૭૨ની અનુસૂચિ-૧ અને ભાગ-૨ હેઠળની ધારા હેઠળ ગુનો દર્જ કરી પાંચેય શખ્સોનો કોરોના કોવિડ ટેસ્ટ કરાવવા હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા છે, જયાં પાંચેય શખ્સોનો કોરોના ટેસ્ટ રીપોર્ટ આવ્યા બાદ વન વિભાગના અધિકારીઓ પાંચેય શખ્સો વિરૂધ્ધ આગળની કાર્યવાહી હાથ ધરશે.

મોડાસાની મસ્જિદોમાં જુમ્માની નમાજ થર્મલ સ્કીનિંગ સોશ્યલ ડિસ્ટન્સ સાથે પઢાઈ

કોરોના મહામારીના કારણે કોરોના સંક્રમણને અટકાવવા ધાર્મિક સ્થાનો બંધ કરવામાં આવ્યા હતા. ધીરે ધીરે ધાર્મિક સ્થાને સરકારી ગાઈડલાઈન મુજબ ખુલી રહ્યા છે. મોડાસા શહેરમાં આવેલી મસ્જિદોમાં સામુહિક નમાજ અદા કરવા પર પાબંધી લગાવી દીધી હતી. લઘુમતી સમાજના બિરાદરોએ ઈદ-ઉલ-ફિત્રની નમાજ પણ ઘરે અદા કરી હતી, ત્યારે લોકડાઉન પછી સૌપ્રથમ વાર શહેરની મસ્જિદોમાં સોશ્યલ ડિસ્ટન્સ સાથે અને મસ્જિદોમાં નમાજ અદા કરવા આવતા નમાજીઓનુંથર્મલ સ્કીનિંગ કરવામાં આવ્યું હતું અને સેનેટાઈઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મુસ્લિમ બિરાદરોએ કોરોનાની બીમારીનું સંકટ દૂર થાય તેવી દુવા માંગી હતી.

સવગઢની સીમમાં આવેલ પલ્સ મિલમાંથી ૩.૩૨ લાખથી વધુની ચોરી

હિંમતનગર, તા. ૧૨

કોરોના વાયરસની મહામારીના પગલે હિંમતનગર સહિત જિલ્લાભરમાં થયેલી લોકડાઉનની કડક અમલવારીને કારણે તસ્કરો માટે આ દિવસો મુસીબત ભર્યા બની રહ્યા હતા. પરંતુ લોકડાઉનમાં છૂટછાટ મળતાની સાથે જ હિંમતનગર સહિત જિલ્લાભરમાં તસ્કર ગેંગો પુનઃ સક્રિય બની છે. હિંમતનગર નજીકના સવગઢ ગામની સીમમાં આવેલ એક પલ્સ મિલની ઓફીસના બારીના સળિયા તોડી ગુરૂવારે તસ્કરો ઓફીસના ડ્રોઅરમાંથી રૂા.૩.૩૦ લાખની રોકડ મત્તા અને રૂા.૨૫૦૦ની કિંમતનું લેપટોપ મળી કુલ રૂા.૩.૩૨ લાખથી વધુની માલમત્તા ચોરી રફુચક્કર થઈ ગયા હતા.

ચોરીની ઘટના સંદર્ભમાં હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર પોલોગ્રાઉન્ડમાં રહેતા ઈમ્તિયાઝ અહેમદ ઈબ્રાહીમભાઈ ઝાંખવાલાની સવગઢ ગામની સીમમાં મદની પલ્સ મિલ આવેલી છે. ગુરૂવારે બપોરના સમયગાળામાં કોઈ તસ્કરોએ મદની પલ્સ મિલની ઓફીસની બારીના સળિયા તોડી પંદર મિનિટમાં જ ચોરીની ઘટનાને અંજામ આપી તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા.